GJVD020754102026

**મહે. ૨૭માં એડીશ્નલ ચીફ જયુડશીચલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. વડોદરા.**

ફોજદારી કેસ નંબર : ૭૧૯૧૮–૨૦૨૬
આંક :

ફરિયાદી :– સરકારશ્રી
વિ.
આરોપી :–

**ગુનો :– એમ.વી. એકટની કલમ–૧૮૫ મુજબ**

---

**:: ચુકાદો ::**

૧. આરોપી સામેના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, ફરિયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ તેમના કબજાના વાહનને રોડ ઉપર દારૂ પીધેલી હાલતમાં નશો કરી પોતાની ગાડી સર્પાકારે ચલાવી પકડાઈ ગયેલ અને તેમ કરીને તમોએ **ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫** મુજબ ગુનો કરેલ.

૨. આરોપીને બી.એન.એસ.એસ. ની ક. ૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવી, આરોપીને તેની સામેના ગુનાની હકીકત વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ તેઓની વિરુધ્ધના ગુનાનો સ્વૈચ્છીક સ્વીકાર કરેલ છે. આરોપીએ જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓનો આ પહેલો ગુનો છે દયા બતાવવા વિનંતી કરી છે. આરોપી ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને બીજી વખત કોઈપણ પ્રકારના ગુનામાં સંડોવાશે નહિ તેવી ખાત્રી આપે છે.

૩. આરોપીની વય, ગુનાની કબૂલાત, કોર્ટ સમક્ષ દયાની માંગણી અને કેસના સંજોગો, રજૂઆત, ગુનાની ગંભીરતા લક્ષમા લીધા. આરોપીનો આ પ્રથમ ગુનો છે, આરોપી આવા પ્રકારના ગુનામા અગાઉ સંડોવાયેલ છે તેવો રેકર્ડ ઉપર કોઈ પુરાવો નથી, **નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જો.એલ.આર. પેજ ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરભાઈ હરીચંદ્રજી**

**ઠાકોર** ના કેસમાં એવો સિંધ્ધાત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોઈ તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ નીચે ની અદાલતમા કાયદામાં નક્કી કરેલી જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની મેજીસ્ટ્રેટને સત્તા છે. આમ સદરહુ ચુકાદાના પેરા ૨૧ માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો હાલના આરોપીના કેસને મદદરૂપ થતો હોઈ તેમ જણાઈ છે, જેથી આરોપીની સ્થિતિ, સંજોગો ને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ મહત્તમ સજા કરતા ન્યુનતમ સજા કરવા માટેના વ્યાજબી અને વિશીષ્ટ કારણો જણાઈ છે જેથી ઓછામાં ઓછી સજા તથા દંડ કરવાથી પણ ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

૧) તહોમતદારને બી.એન.એસ.એસ. ની ક. ૨૭૫ અન્વયે **મોટર વ્હીકલ એકટની કલમ-૧૮૫** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી **રૂા.૨,૫૦૦/- અંકે રૂપિયા બે હજાર પાંચ સો પુરાનો** દંડ કરવામાં આવે છે. આરોપી જો દંડ ના ભરે તો **દિન-૩** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

૨) મુદામાલ વાહન જો કબજે કરેલ હોય તો આ અગાઉ કોઈ સક્ષમ કોર્ટે વચગાળાનો કોઈ હુકમ કરેલો હોય તો તે કાયમ કરવામાં આવે છે તેની માલિકીની ખરાઈ કરી ખરા હકકદારને સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ આ હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :- વડોદરા.
તારીખ :- ૧૪/૦૩/૨૦૨૬

(મિતેશ બી. મહેતા)
૨૭માં એડી. ચીફ જ્યુડી. મેજી.,
વડોદરા.
કોડ: જીજે-૦૧૩૭૬